# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ તથા સબયુનિટ અધિકરીશ્રીઓને જણાવવાનુ કે યુનિવર્સિટી ખાતે આવેલ ફૂલ, છોડ તેમજ ઝાડ વગેરેને નવા બાંધકામ સમયે કે કોઇ અન્ય કારણોસર કોઇપણ સૂચના અથવા મંજુરી વગર અને આયોજન વગર કાપી નાંખવામાં આવ્યાનું ધ્યાનમાં આવેલ છે. આજના ગ્લોબલ વોર્મીંગ એન્વાયરોમેન્ટને નાથવા ઝાડ ખુબજ મહત્વનો ભાગ ભજવતા હોઇ, કાપી નાંખવા યોગ્ય નથી. વળી, ઘણી વખતતો ઝાડ કે ફુલ છોડની જાતનું મહત્વ, તેની અમૂલ્યતા કે લભ્યતા જેવા પરિબળો જાણવાની દરકાર રાખ્યા સિવાય ઝાડ કાપી નાંખવામાં આવે છે તે યોગ્ય નથી.

આથી સર્વેને જણાવવામાં આવે છે કે કોઇપણ ઝાડ, ફુલ છોડ વગેરે કાપવાની જરૂરીયાત (ન છુટકે) ઊભી થાય તો તેવા સંજોગોમાં ઝાડની હિસ્ટ્રી તેમજ તે ઝાડ કાપવું કેમ ખુબ જરૂરી છે અથવા યોગ્ય છે એ બધી માહિતી સાથે નીચે સહિ કરનાર ને મંજુરી સ્વરૂપમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૧/મંજુરી/૮૮૪૨/૨૦૧૨
નવસારી, તા. ૨૬/૦૬/૨૦૧૨

**નકલ રવાના :પ્રતિ,**

૧. કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ ઘટતુ થવા સારૂ
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.